# સલામી સવારની..



## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*સૂતી છે સીમા ને સાહેબ ઈમેજની રક્ષામાં છે,*
*મફત રસીનું આયોજન હજી નકશામાં છે,*
*'સુરક્ષા' બાગમાં ચીન-નાપાકના છે આંટાફેરા -*
*છતાં ય આ વિશ્વનેતા, ઉમેદવારની કક્ષામાં છે.*
*(ડ્રોન હુમલાનો આતંક)*

### હાઈકુ

*કેઢા સીમાડે*
*અગણિત શહીદી -*
*વેઢા ખલાસ !*

*ખરીદો શસ્ત્રો*
*અને પૂજા કરીને -*
*મૂકો પાલખે...*

### ચિંતન

***યસ્મિન રૂષ્ટે ભયં નાસ્તિ, ભુષ્ટે નૈવ ધનાગમઃ ।***
***નિગ્રહા અનુગ્રહૌ નસ્તઃ સ રૂષ્ટઃ કિં કરિષ્યતિ ॥***

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જેના ક્રોધ-કોપ કે ગુસ્સાથી કોઈને પણ કોઈ પણ જાતનો ભય ન થાય કે જેના સંતોષથી કોઈને કોઈ જાતનો ધનલાભ કે ફાયદો પણ ન થાય - અર્થાત્ જેનામાં કોઈને દંડ કે સજા કરવાનું સામર્થ્ય - શક્તિ કે સત્તા પણ નથી કે કૃપા - ઉપકાર કે મદદરુપ થઈ શકવાની ક્ષમતા નથી એવી વ્યક્તિ કુપિત થાય - ગુસ્સો કરે કે ખુશ થાય એનાથી શું ફરક પડે ??

લોકો ઉગતા સૂરઝને પૂજે છે. સંસાર વ્યવહારમાં સત્તા-પદ-સમૃદ્ધિને કોઈ માન-સન્માન આપે છે. આવા લોકો ગુણ-લાયકાત હોય કે ન હોય છતાં 'વિશેષ સન્માનીય' બની જાય છે. કારણ કે 'સમર્થ' છે. આવી વ્યક્તિનો વિરોધ કરનાર ફેંકાઈ જાય છે.

ગરીબ અને સત્તા વિનાનો માણસ શારીરિક ક્ષમતા પણ ન ધરાવતો હોય તો એની કોઈ કિંમત રહેતી નથી. કારણ કે એનો 'ગુસ્સો' કે એનું 'ખુશ' થવું કોઈ ફલશ્રુતિ આપનારું હોતું નથી તેથી લોકો તેની ઉપેક્ષા કરે છે.

### સુવિચાર

- મહેનત બતાતી હે કિ પરિણામ કૈસા હોગા, વર્ના પરિણામ તો બતા હી દેગા મહેનત કૈસી થી - **અમૃતબિંદુ**
- જગતમાં ખરેખર ત્રણ વસ્તુ મહાન છે : પર્વત, મહાસાગર અને સાચા દિલથી કામ કરતો માનવી. ત્રણેયની અંદર રહેલી શક્યતાઓનો તાગ આપણે પામી શકીએ એમ નથી - **એમર્સન**
- 'સમજણ' એટલે વ્યક્તિ બે વિચાર એક - **રાજ્યશસૂરિશ્વરજી**
- ધૈર્ય એકલું આવે છે એન ઘણું બધું આપીને જાય છે,
  ક્રોધ એકલો આવે છે અને બધું સાથે લઈને જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'નાદાન' અને 'નિખાલસ' હતા ત્યારે જિંદગીની મઝા લેતા હતા. જ્યારથી 'સમજુ' બની ગયા છી ત્યારથી 'જિંદગી' જ 'મઝા' લઈ રહી છે - **નવનીત**
- વિચારોમાં ફરક હોય છે,
  બાકી તકલીફ આપણને કમજોર નહીં મજબૂત બનાવવા આવે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : આમલી ને ઉકાળી ઠંડુ પાણી ને તે પાણી પીવાથી હેડકી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જે વ્યક્તિ નિષ્ઠાવાન અને ન્યાયપ્રિય હોય છે તે પોતાના સિદ્ધાંતોમાં બાંધછોડ કરતી નથી. ગંગા નદીના એક ઘાટ પર એક સજ્જન સ્નાન કરવા ઊતર્યા. સ્નાન કરતાં કરતાં તેમનો પગ લપસી પડ્યો, તે ડૂબવા લાગ્યા. એમને ડૂબતાં જોઈ એક યુવાન તેમને બચાવવા પડ્યો અને એ સજ્જનને બચાવી લીધાં. સજ્જને યુવાનને ઈનામ આપવા આગ્રહ કર્યો. પરંતુ યુવાને ના પાડી. સજ્જને એ યુવાનને પોતાનું નામ સરનામું આપ્યું અને કહ્યું, 'મારું કોઈ દિવસ કામ પડે તો આ સરનામે આવજે હું તને મદદ કરીશ.' થોડાં મહિના પછી પેલો યુવાન સજ્જન ને મળ્યો. એણે કેટલીક ટૂંકી વાર્તાઓ લખી હતી એ યુવાને સજ્જનને કહ્યું, 'આ વાર્તાઓ આપ આપના સામયિકમાં પ્રકાશિત કરો તો આભાર.' વાર્તાઓ વાંચીને સજ્જને કહ્યું, 'આ વાર્તાઓ અમારા સામયિકને અનુરુપ નથી. માફ કરજો, હું છાપી શકું તેમ નથી.' યુવાને વાર્તાઓ છપાવા વધારે પડતો આગ્રહ કર્યો ત્યારે સજ્જન થોડા ઉગ્ર થઈને બોલ્યા, 'ભાઈ, તમારે ઉપકારનો બદલો લેવો હોય તો મને ફરી ગંગામાં ફેંકી દો.!!' યુવાન મૌન બની ત્યાંથી ચાલતો થયો.

# છૂટાછેડામાં પણ આમિર રોલમોડલ પુરવાર થયો

**તંત્રીસ્થાનેથી...**

ત્રણ ખાન બંધુઓ પોતપોતાની રીતે બોલીવુડ પર એકચક્રી હકૂમત ચલાવી રહ્યા છે અને દરેકની પોતપોતાની વિશેષતાઓ છે. શાહરૂખની ડાયલોગ ડિલીવરી અને સલામાનનો હીરોઈક અંદાજ કયારેક એમનાથી વધુ સંવેદનશીલ અને બૌદ્ધિક લાગતા આમિરખાન સામે ફિક્કાં પડી જતાં લાગદે છે. આમિર બૌદ્ધિક સ્તરના પ્રેક્ષકોનો પસંદીદા હીરો છે, ભલે એને 'સુપરસ્ટાર'નું લટકણિયું ન પણ સાંપડ્યું હોય તો પણ એ વર્તમાન હિંદી ફિલ્મજગતમાં અમિતાભ બચ્ચન પછીનું સૌથી વધુ આદરણીય વ્યક્તિત્વ છે. એણે અવારનવાર ઉત્તમ ફિલ્મો ઉપરાંત 'સત્યમેવ જયતે' જેવા વિચારપ્રધાન ટીવી કાર્યક્રમો - શ્રેણીઓ આપીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધેલાં છે. કયારેક પ્રવર્તમાન સાંપ્રદાયિકતાથી એ વિષાદમાં સરી જઈ દૂંટીની વાત પણ કહી દે છે. એથી એને હિંદુસ્તાન નથી ગમતું એમન થી, પણ એ એની કલ્પનાનું હિંદુસ્તાન નથી એટલું તો આપણે પણ બિટ્વિન ધિ લાઈન્સ સમજી લેવું જોઈએ. આમિર ખાને હમણાં એનાં બીજા લગ્નની પૂર્ણાહૂતિ જાહેર કરી છે. પહેલાં લગ્ન સોળ વરસ ચાલ્યાં. એથી બે સંતાનો પણ જન્મ્યાં. એ પછી આ સંવેદનશીલ કલાકારના જીવનમાં ઓચિંતી જ એની 'લગાન' ફિલ્મની પ્રોડ્યુસર - ડાયરેકટર કિરણ રાવ પ્રવેશે છે. આળું થયેલું અભિનેતાનું હૈયું ફરી એકવાર નારી હૃદયની ઋજુતા પર ઓળઘોળ થઈ જાય છે અને એની સાથે એક-બે વરસના સહવાસ પછી એ લગ્ન કરી લે છે. બેઉની જોડી જામી હતી; હજી આજે પણ જામેલી છે. લગ્ન ફોક કર્યાની જાહેરાત સંયુક્તપણે કરતી વેળાએ પણ એમની ક્રિએટિવ પ્રવૃત્તિ અકબંધ રહી છે. અત્યારે એક વિશિષ્ટ ફિલ્મનું નિર્દેશન કરી રહેલ કિરણ રાવના નાયક આમિરખાન જ છે અને આ પ્રકારનું કામકાજ બેઉ આગળ ઉપર પણ ચાલુ રાખવાનાં છે. સંયુક્ત નિવેદનમાં આ વિશિષ્ટ જોડીએ એકરાર કર્યો છે કે હવે તેઓ અલગ રહીને પણ પરિવારની જેમ રહેશે. વળી બેઉની સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સામેલગીરી યથાવત જ રહેશે. મહારાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત પ્રદેશમાં ચાલતા 'પાની ફાઉન્ડેશન' જેવી સમાજસેવામાં બેઉ એટલા જ ઉત્સાહથી સાથે કામ કરશે અને સરોગસીથી પ્રાપ્ત થયેલ પુત્ર આઝાદ રાવ-ખાનનો ઉછેર પર બેઉ સાથે મળીને કરશે. અગાઉના લગ્નથી થયેલ સંતાનોનો કબજો અદાલતે માતા રીના દત્તને આપેલો છે. કિરણ રાવ પરિપક્વ મહિલા છે અને એક ફિલ્મ-પ્રોડ્યુસર-નિર્દેશક તરીકે એની આગવી ઓળખ ઊભી થયેલી છે. આમિર બીજાં લગ્ન કરશે કે કેમ તે સમય જ કહેશે. જો કે ફાતિમા સના શેખ નામની અભિનેત્રી સાથેની એની નિકટતાના અહેવાલો વહેતા થયા છે. કહેવાતાં રોલ મોડેલ સ્ત્રી-પુરુષો કે યુગલો વચ્ચે પણ જીવનની કોઈ એક ક્ષણે મનમુટાવ ઊભો થઈ શકે. એ મનમુટાવ જીરવીને ઢસરડો કૂટવા કરતાં અલગ થઈને સ્વતંત્ર રીતે જીવવાનો વિકલ્પ સ્વીકારવા માટે હિંમત જોઈએ. સમાજના ડરથી, પ્રતિષ્ઠા ખરડાવાના ભયથી કે આર્થિક કારણોસર અકળામણભરી જિંદગી ચુપચાપ ચલાવ્યે રાખવી એ કરતાં આમિર અને કિરણ રાવની જેમ જાહેરમાં કબૂલાત કરીને અલગ થઈ જવું બહેતર ગણાવું જોઈએ. આધુનિક જમાનામાં લગ્નજીવનથી સરજાતા સ્ટ્રેસને કારણે ઘણી આશાસ્પદ જિંદગીઓ કરમાઈ જતી જોવા મળે છે. આમિર અને કિરણ રાવે એક ઉમદા દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. બેઉ વચ્ચે વ્યવસાયિક અને પારિવારિક સામંજસ્ય અકબંધ છે. રઘુવીર ચૌધરીની એક નવલકથાનું શીર્ષક છે 'સામજણથી છૂટા પડવું! આ બેઉ સેલિબ્રિટીઝ સમજણથી છૂટાં પડીને પણ એમની સામાજિક, વ્યાવસાયિક અને પારિવારિક જવાબદારીઓથી દૂર ભાગતી નથી તે જ એમના પ્રત્યે આદર જન્માવનારી બાબત છે. બિલ ગેટ્સ અને મિલિંડાના છૂટાછેડા જેવો જ એક આદર્શ કિસ્સો બોલીવૂડમાં આકાર લઈ રહ્યો છે. આપણે એ બેઉને ભવિષ્યની વધુ સફળ જિંદગી માટે શુભકામનાઓ પાઠવીએ.'

# ધર્માન્તર સુધારા અધિનિયમ, ૨૦૨૧

**કાયદો અને કાનૂન**



અશ્વિન ત્રિવેદી

ગુજરાત સરકારે તાજેતરમાં જ ધર્માન્તર સુધારા અધિનિયમ, ૨૦૨૧ લાગુ કરી નવીન સુધારા કરેલ છે. જે મુજબ ગુજરાતમાં લોભ, લાલચ, બળજબરી કે કોઈપણ પ્રકારની હિંસાના પ્રભાવ હેઠળ કોઈપણ વ્યક્તિને ધર્મ પરિવર્તન ન કરાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩માં કરવામાં આવ્યો હતો. જેમાં તા. ૧૫/૦૬/ ૨૦૨૧થી રાજ્યમાં ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) અધિનાયિમ, ૨૦૨૧ અમલમાં આવેલ છે.

માત્ર ધર્મ પરિવર્તનના હેતુથી કરેલા લગ્ન અથવા લગ્નના હેતુથી કરેલા ધર્મ પરિવર્તનના કિસ્સામાં થયેલ લગ્ન ફેમિલી કોર્ટે તથા ન્યાયતંત્ર ધરાવતી કોર્ટ દ્વારા આ નવા સુધારાથી રદબાતલ કરવામાં આવશે.

કોઈપણ વ્યક્તિ સીધી રીતે અથવા અન્યથા કોઈપણ વ્યક્તિને બળપૂર્વક લલચાવીને અથવા કપટપૂર્વક સાધનો દ્વારા અથગવા લગ્ન દ્વારા લગ્ન કરાવવા અથવા લગ્ન કરાવવામાં મદદ કરવા ધર્મ પરિવર્તન કરાવી શકશે નહિ.

આ માટેનો સાબિત કરવાનો ભાર (burden of Proof) આરોપી ધર્મ પરિવર્તન કરાવનાર તથા સહાય કરનાર પર રહેશે. ગુનો કરનાર/કરાવનાર/મદદ કરનાર/ સલાહ આપનાર તમામ સમાન પ્રકારના દોષિત ઠરશે.

આ જોગવાઈનું ઉલ્લંઘન કરનારને ૩ વર્ષથી ઓછી નહી અને ૫ વર્ષ સુધીની કેદ અને ૨ લાખ થી ઓછી નહી તેમ દંડ પાત્ર ઠરશે.

સગીર સ્ત્રી અનુસુચિત જાતિ, અનુસુચિત આદિજાતિની વ્યક્તિના સંબંધમાં સજાની જોગવાઈ ૪ થી ૭ વર્ષ થશે અને સેશન ટ્રાયબલ ગુનો ગણાશે તથા ૩ લાખ થી ઓછી નહી તેટલી રકમનો દંડ પણ કરવામાં આવશે.

કોઈ નારાજ થયેલી વ્યક્તિ તેના માતા-પિતા, ભાઈ, બહેન અથવા લોહિની સગાઈથી લગ્નથી અથવા દત્તક સ્વરૂપે હોય તેવી બીજી કોઈ વ્યક્તિ દ્વારા આવા ધર્મ પરિવર્તન તથા લગ્ન સામે એફ.આઈ.આર. દાખલ કરવામાં આવશે અને તેમની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરવાના રહેશે.

જો કોઈ સંસ્થા, એન.જી.ઓ. આવા પ્રકારના કામમાં રોકાયેલ હોય તો તેનું લાયસન્સ, રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે. મળતી સહાય, ગ્રાન્ટ બંધ કરવામાં આવશે તથા ૩ વર્ષથી ઓછી નહી અને ૧૦ વર્ષ સુધીની કેદ તથા ૫ લાખ સુધીના દંડની સજા કરવામાં આવશે.

આ કાયદો મુજબ ગુના બિનજામીનપાત્ર તથા કોગ્નિઝેબલ ગુના ગણાશે તેમજ તેની તપાસ ડેપ્યુટી સુપ્રીટેન્ડેન્ટ ઓફ પોલીસ, ડી.એસ.પી. થી ઉતરતા દરજ્જાના અધિકારી તપાસ કરી શકશે નહી.

બળજબરી પૂર્વક લલચાવીને કપટપૂર્વક સાધનો દ્વારા કરાતા ધર્મ પરિવર્તન માટે ૩ વર્ષની કેદ તથા ૫૦ હજારનો દંડ ૨૦૦૩ના ધર્મ પરિવર્તન સુધારામાં હતો જે દંડ ૩ થી ૫ લાખ સુધી કરવામાં આવ્યો છે અને સજા ૪ થી ૭ વર્ષની કરવામાં આવી છે.

ધર્મ પરિવર્તનની ધાર્મિક વિધિ કરાવનારે જીલ્લા મેજીસ્ટ્રેટની પૂર્વ પરવાનગી મેળવી જીલ્લા મેજીસ્ટ્રેટે તપાસ પછી ૧ મહિનાની અંદર પરવાનગી આપવી અથવા ઈન્કાર કરી શકાશે. પરવાનગી ના મળી હોય તેવા કિસ્સામાં એક વર્ષ સુધીની કેદ અથવા ૧ હજાર સુધીના દંડની જોગવાઈ હતી. હવે બંને થશે.

ધર્મ પરિવર્તન કરનારે ધર્મ પરિવર્તનની વિધિની તારીખથી ૧૦ દિવસની અંદર જીલ્લા મેજીસ્ટ્રેટને જાણ ન કરી હોય તો તેવા કિસ્સામાં એક વર્ષ સુધીની કેદ અથવા ૧ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને થશે.

ગુનાની કોઈપણ કાર્યવાહી જીલ્લા મેજીસ્ટ્રેટ/સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની પૂર્વ પરવાનગી વગર શરૂ કરી શકશે નહી.

આ કાયદા મુજબના ગુના પોલીસ અધિકાર હેઠળના ગુના ગણાશે તેમજ તેની તપાસ પી.આઈ. થી ઉતરતી કક્ષાના અધિકારી દ્વારા કરી શકશે નહી. ગુજરાતમાં લવ જેહાદ તથા દાહોદ, ગોધરામાં થતા બળજબરી પૂર્વકના ધર્મ પરિવર્તનને રોકવા ગુજરાત સરકારે આ કાયદો લાવી કડકાઈથી તેનો અમલ શરૂ કરેલ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# ચંદ્રકોને ઓગાળી નાખીએ, આત્મપ્રશંસામાં રાચતી કલમોનું લીલામ કરીએ

**WhatsApp ઓફ ધી વીક**



નેહલ ગઢવી

સાહિત્યજગતમાં મળતી વાહવાહ એ ભયંકર તત્ત્વ છે, અને એનો મોહ મને બિલકલ છુટી ગયો છે એમ તો હું પણ ન કહી શકું. પરંતુ મને તો એ સંબંધમાં દુનિયાએ મારી લાયકાત કરતાં પણ વધારે આપ્યું છે એટલે એની પાછળ ઘેલો બનવાનું મારે માટે રહ્યું નથી. નવાં ક્ષેત્રો મારે સર કરવાં નથી. મનમાં ખેંચ રહેતી હોય તો તે માત્ર હાથ પર લીધેલાં અધૂરાં રહી ગયેલાં કાર્યો પૂરાં કરવાં એટલી જ, કારણ કે એ પણ એક જવાબદારી છે.

**- ઝવેરચંદ મેઘાણી**

આજકાલ નાનામાં નાની અને સામાન્યમાં સામાન્ય વાતને પ્રસિદ્ધિના ઉચ્ચ શિખરે પહોંચાડવાના પ્રયાસો આપણી આસપાસ થતા આપણે સૌએ જોયા તેમજ અનુભવ્યા છે. દરેકને પોતાની વાત 'નવી' અને Unique (યુનિક) લાગે છે. દરેકને પોતાની જાતને Hero કે Heroine સાબિત કરવાની જાણે એક ઘેલછા જાગી છે. સુવિખ્યાત અને પ્રસિદ્ધ લેખકોના લખાણને પોતાના નામ કે ફોટા સાથે બિલકુલ અચકાયા વિના લોકો Original પર ફરતા મૂકી દે છે. કોની કૃતિ કે લખાણ Social media છે તે જાણવું ઘણું મુશ્કેલ છે. 'શ્રુણવન્તુ' નામના એક પુસ્તકમાં સુરેશ જોષી એ ખૂબ વેધક રીતે આ વાતને આલેખી છે :

તો ચાલો, કીર્તિ સામે ઝુંબેશ ચલાવીએ ! એણે આપણા સાહિત્યનો ઘણો ભોગ લીધો છે. ખુમારીવાળા સર્જકોને યાચક બનાવ્યા છે. એણે સર્જકની દૃષ્ટિને પોતાની કૃતિના સર્વે પરથી ખસેડીને પોતાના નામના ચળકાટ તરફ વાળી છે પાઠ્યપુસ્તકોમાં સ્થાન, સંકલનોમાં સ્થાન, પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધિ - એટલેથી દોડ અટકતી નથી. પછી ચંદ્રકો અને ઈનામો : નર્મદ



ચંદ્રકને રણજિતરામ ચંદ્ર ગુજરાત રાજ્યનાં ઈનામ, દિલ્હીનું સાહિત્ય અકાદમીનું ઈનામ અને એથી આગળ વધીને જ્ઞાનપીઠનું ઈનામ - એ ઉપરાંત સંસ્થાઓએ અસાહિત્યિક ધોરણે જાહેર કરેલાં નાનાંમોટાં ઈનામો તો જુદાં !

આ ચક્કરમાં પડેલો જીવ ક્યાંથી છૂટે ? તેમાં વળી આગલી હરોળમાં રહેવાનો ધખારો, પ્રવાહને નવો વળાંક આપ્યાનું શ્રેય લેવાની ઈચ્છા - આ બધું તો ખરું જ. છાપાંમાં એકાદ કૉલમ હાથ આવી ચડે તો ય ભયોભયો - થાપવા-ઉથાપવાની રમત રમવાની કેવી મજા ! આને ચૂંટી ખણી, તો પેલાને થાબડ્યો.

ધીમે ધીમે બધું કરવાની ફાવટ આવી જાય, રીઢા થઈ જવાય, સાથે સાથે સર્જનને માટેની સાધનામાં ઊણપ આવતી જાય. પણ આત્મશોધન માટેનો સમય ક્યાંથી કાઢવો ?

આ પછી પરિષદ, સભા-સમિતિ, સંવાદનાં ક્ષેત્રો ખૂલે છે. પછી વિદ્યાપીઠોની કે સરકારી સમિતિઆમાં સ્થાન પામવા માટેની પડાપડી. પાઠ્યપુસ્તકો નક્કી કરનારી સમિતિમાં હોઈએ તો મિત્રોને ઉપકારક થઈ શકાય.

પછી જાહેર સન્માન, માનપત્ર, ષષ્ટીપૂર્તિ - જિંદગીના છેલ્લા શ્વાસ સુધી કીર્તિ માટેની દોટ મૂકતો આપણો લેખક કેવો તો દયામણો લાગે છે !

રિલ્કની એક કવિતામાં સોનું માનવી આગળ કાકલૂદી કરીને કહે છે : "મને ફરીથી ખાણમાં સંતાઈ જવા દો. મારી કહેવાતી અશુદ્ધિને શુદ્ધ કરવા તમે કસોટી કરી, પણ તમે જે નવી અશુદ્ધિ ઉમેરી છે તેથી તો શરમના માર્યા મારે ધરતીમાં સમાઈ ગયા વિના છૂટકો નથી. રાજાઓના સિક્કા, ધનિકોની લોભી આંગળીની છાપ, ગરીબોનાં આંસુ, હત્યારાઓએ રેડેલ લોહી - બધું મારા અંગ પરથી શી રીતે ધોઈ શકાશે?"

આમ આજે સુવર્ણચંદ્રકોનું સોનું પણ અશુદ્ધિને કારણે ધરતીમાં સમાઈ જવા ઈચ્છે છે. એના પર પણ લોલુપ દૃષ્ટિના ડાઘ છે, દુરુપયોગનું કલંક છે.

તો આવો, કીર્તિ સામે ઝુંબેશ ઉઠાવીએ, ચંદ્રકોને ઓગાળી નાખીએ, આત્મપ્રશંસામાં રાચતી કલમોનું લીલામ કરીએ, 'કીર્તિ' શબ્દના પર છેકો મૂકીએ !

**- સુરેશ હ. જોષી**

Last scene :

**અવરને શોધતાં વર્ષોનાં વર્ષો કેમ ના લાગે?**
**- કે પોતાનેય જગમાં શોધતાં બહુ વાર લાગે છે!**

- nehalgadhavi101@gmail.com

# રથયાત્રાનો મહિમા સર-આંખો પર, પણ યાત્રા કાઢવાની જીદ યોગ્ય નથી જ

**નવી સવાર**



રમેશ તન્ના

૧૨મી જુલાઈ, ૨૦૨૧, સોમવારે અષાઢી બીજ છે. આ દિવસ રથયાત્રાનો પણ દિવસ છે.

ગુજરાતમાં એકસોથી વધુ રથયાત્રા નીકળે છે, પણ તેમાં અમદાવાદની રથયાત્રા મોટી હોય છે.



કોરોનાના કોપને કારણે આ વર્ષે રથયાત્રા કાઢવાની દ્વિધા હતી અને છે. જગન્નાથ મંદિરના મહંત પૂજ્ય દિલીપદાસજી મહારાજે એલાન જ કર્યું કે રથયાત્રા કોઈ પણ સંજોગોમાં નીકળશે જ. સરસપુર (ભગવાનનું મોસાળ)ના કોઈ મંદિરના સંતે જાહેર કર્યું હતું કે જો રથયાત્રા નહીં નીકળે તો પોતે આત્મહત્યા કરશે.

ભગવાન જગન્નાથને બે હાથ જોડીને વંદન કરીને, બન્ને મહંતો-સંતોને પૂરો આદર આપીને એટલું જ કહેવાનું કે આવો અભિગમ એકદમ અયોગ્ય છે. કોરોના જેવી મહામારી વખતે આપણે બધાએ સામાન્ય બુદ્ધિ કે વિવેક પણ રાખવો જ જોઈએ. કોરોનાનું બીજું મોજું યાદ કરો, લોકો ઓક્સિજન વિના તરફડી રહ્યા હતા. હોસ્પિટલોમાં જગ્યા નહોતી. અમદાવાદના લોકો આણંદ અને કરમસદ દાખલ થતા હતા. ભૂલી ગયા એ દિવસો. અને ત્રીજું મોજું આવશે તેવી શક્યતા છે. ઘણા દેશોમાં કોરોનાએ પુનઃ માથુ ઊંચક્યું છે.

આવા સંજોગોમાં ખરેખર તો એમ કહેવું જોઈએ કે સરકાર પોતે જ યોગ્ય નિર્ણય કરે. અરે, સામેથી જ કહેવું જોઈએ કે લોકોની જિંદગી વધુ મહત્ત્વની છે. રથયાત્રા એક-બે વર્ષ પ્રતિકાત્મક રીતે નીકળે તો ચાલે.

આ લખનાર પોતે આસ્તિક અને ધાર્મિક છે. સનાતન હિંદુ ધર્મમાં માને છે. કોઈની લાગણી દુભવવા નથી લખતો પણ કહેવું પડે કે સાર્વજનિક વ્યવસ્થાને અસર થાય, લોકોની જિંદગી સામે જોખમ ઊભું થાય તેવાં નિવેદનો કરનાર સામે ગંભીર થવું જ પડે.

કોરોના જેવી મહામારી માથે ઝંબુળતી હોય ત્યારે રથયાત્રા નીકળશે જ એવું કોઈ કહી જ ના શકે. લોકશાહી હોય કે અભિવ્યક્તિની સ્વતંત્રતા હોય, આવી હીંમત કોઈ કરે તે યોગ્ય જ નથી. કોની સરકાર છે અને કોની નથી એ મુદો બાજુ પર રાખીએ. સવાલ લોકોની જિંદગીનો છે. તમે કોઈ મંદિરના મહંત થયા એટલે તમે દાદાગીરી કરો એ કેવી રીતે અને શા માટે ચાલે ? અને જો એમ જ કરવાનું હોય તો સરકાર, વહીવટી તંત્ર કે કોર્ટની આવશ્યકતા જ શું છે ? વાત કરો છો તે. કોઈ પણ સંજોગોમાં રથયાત્રા નીકળશે જ.. તો પછી તંત્રની મદદ વિના કાઢી બતાવો. હજારો પોસીલો સાથે તંત્ર ખડે પગે રહે છે ત્યારે તો રથયાત્રા નીકળે છે. અનેક રથયાત્રા વખતે હરખને બદલે ફડક હોય છે, કાંઈ અજુગતું તો નહીં થાય ને ?

આ લખનારે રથયાત્રા માણી છે. તેનો અપરંપાર મહિમા છે પણ સ્થિતિની નજાકત જોવી જ પડે.

સાચો ધર્મ તો માનવ ધર્મ છે. વિવેકાનંદે કહ્યું છે તેમ માનવ સેવા એ જ પ્રભુ સેવા છે. બરાબર છે, રથયાત્રા એક પરંપરા છે, તેનો આનંદ જ હોય, પણ તમે સદીઓમાં એક વખત આવતી કોરોના જેવી મહામારી વખતે, જીદ કરો કે ના રથયાત્રા તો નીકળશે જ.. એ યોગ્ય ના જ કહેવાય.

ધારો કે રથયાત્રા નીકળે અને લોકો ઉમટી પડે અને લોકોને કોરાના થાય તો તેની જવાબદારી કોણ લેશે ? જગન્નાથ મંદિરના મહંત પૂજ્ય દિલીપદાસજી મહારાજ જવાબદારી લેતા હોય તો કોઈ વાંધો નહીં, પણ જો લોકોએ અને સરકારે જ તેની સામે જાતે લડવાનું હોય તો પૂજ્ય મહંતે આવી કોઈ જીદ ના કરવી જોઈએ.

આપણા દેશ ભારતમાં મોટી તકલીફ છે ધર્મને યોગ્ય રીતે ના સમજવાની. ધર્મ વિના કોઈ પ્રજાને કે કોઈ પ્રદેશને ના જ ચાલે. એમાંય હિંદુ ધર્મ તો મહાન ધર્મ છે. હિંદુ ધર્મની અનેક વિશેષતાઓ છે. હિંદુ તરીકે જન્મ મેળવવો એ પોતે જ એક મોટી ઉપલબ્ધિ છે. સનાતન હિંદુ ધર્મમાં અનેક દૂષણો પેશી ગયાં છે તેને તાત્કાલિક દૂર કરવા જેવાં છે. નવી પેઢી ડિઝિટલ પેઢી છે. તે આંખો મીંચીને બધુ સ્વીકારી લેનારી પેઢી નથી એ ભૂલવા જેવું નથી. એ દલીલો કરનારી, તર્ક કસનારી, વિચાર કરનારી પેઢી છે. એની શ્રદ્ધા કસાયેલી છે. એને જો હિંદુ ધર્મ સાથે જોડી રાખવી હશે તો હિંદુ ધર્મની એબોને દૂર કરવી જ પડશે.

કોરોનાએ આપણને બીજી એક બાબત પણ શીખવી છે. મંદિરો કે તીર્થધામોમાં અબજો રૂપિયા ધરી દેવાને બદલે મેડિકલ સાયન્સમાં સંશોધન પાછળ પૈસા ખર્ચાય એ વધારે યોગ્ય છે. જ્યાં ભક્તિભાવ અને પ્રેમ જ મુખ્ય હોવાં જોઈએ ત્યાં આપણે સોનાનો અંબાર અને પૈસાના ભંડાર ઊભા કરીને મૂર્ખામી અને ભૂલ કરી રહ્યા છીએ. આપણે જોયું કે કોરોનામાં મંદિરો કે ધાર્મિક સ્થાનોને પણ બંધ રાખવાં પડ્યાં. આપણે આપણી શ્રદ્ધા પર જે મેલ ચડી ગયો છે તેને ઉતારીએ. માનવતાના દષ્ટિકોણથી વિચારીએ. ભૌતિકવાદ, સંપત્તિ કે પૈસાના રવાડે ચડવાની વાત નથી, એમાંય મોટી મોટી તકલીફો જ છે, પણ મેડિકલ સાયન્સને પોષણ આપીએ. ૧૯૧૫માં આવેલા ફ્લૂએ કરોડો લોકોને માર્યા હતા, ૨૦૨૦-૨૧માં એ આંકડો લાખોનો છે તેનું કારણ મેડિકલ સાયન્સ છે. ધાર્મિક સ્થાનના વિકલ્પે હોસ્પિટલની વાત નથી.. બન્નેનું પોતપોતાનું મહત્ત્વ છે અને જરૃરિયાત પણ છે, પરંતુ નુકશાન કરનારી ધાર્મિકતા અને અંધશ્રદ્ધામાંથી બહાર આવીએ.

એમાં નવી પેઢીનું પણ શ્રેય છે.

**છાંયડોઃ**

પૂજારીઓ, મહંતો અને સંતો પણ આત્મનિર્ભર થાય, શરીર શ્રમ કર્યા વિના ના ખાય તેવી સ્થિતિનું નિર્માણ થાય તો ઘણું સારું. આ પૃથ્વી પર વસતી દરેક વ્યક્તિએ જાત મહેનત કરીને જ પોતાનું પેટ ભરવું જોઈએ એ વાત એકદમ સાદી અને સાચી છે.